## કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી સેવંતીલાલ અમૃતલાલ સુરાણી વિદ્યાસંકુલ

## શ્રીમતી કાન્તાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ-થરા

### જુનિયર ક્લાર્ક વર્ગ-૩ મુખ્ય પરીક્ષા તબક્કો :૨

### તારીખ : ૦૬/૧૦/૨૦૨૪ સમય : ૧૨ થી ૨

બેઠક નંબર:________ ટોટલ માર્ક્સ : ૨૦૦

ઉમેદવારોને માટેની અગત્યની સૂચનાઓ :

(01) ભાગ-૨ ની મુખ્ય પરીક્ષા **MCQ** પ્રકારના પ્રશ્નોની રહેશે.જેમાં કુલ ૨૦૦ હેતુલક્ષી પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો ૧ ગુણ છે.

(02) પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો છે.

(03) ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

(04) ખોટા જવાબદીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ પદ્ધતિ લાગુ પડશે.

(05) દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ **E "Not Attempted"** રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે અને **'Not Attempted"** વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.

(06) પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહી કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે.

---

1. આપેલ ક્રમિક આંકડામાં પ્રશ્નાર્થની જગ્યાએ કઈ સંખ્યા આવશે.

   **1, 4, ? 64, 256**

   A. 32 B. 16 C. 8 D. 128

2. શ્રેણી પૂર્ણ કરો.

   C4X, F9U, I16R,______

   A. K25P B. L25O C. L25I D. L27P

3. જો PALE ની સંજ્ઞા 2134 હોય, EARTH ની સંજ્ઞા 41590 હોય તો આ સંજ્ઞામાં PEARL કઈ રીતે લખાય?

   A. 29530 B. 24153 C. 25413 D. 25430

4. નીચે દર્શાવેલ અંગ્રેજી શબ્દોને કાર્યકારણ મુજબ ગોઠવો.

   1.NOVEL 2.WRITER 3.PRISE 4.STORY 5.PUBLICATION

   A. 2,4,1,5,3 B. 5,3,2,1,4 C. 3,5,1,2,4 D. 1,2,3,5,4

5. પ્રીતિને  અરૂણ નામનો પુત્ર છે.રામ પ્રીતિનો ભાઈ છે.નીતાને રીમા નામની પુત્રી છે.નીતા રામની બહેન છે. અરૂણનો રીમા સાથે શું સબંધ હશે?

A. ભાઈ    B.ભત્રીજો    C. કાકા    D. માસીયાઈ ભાઈ

6. જો ઘોડો : ખરી   તો સિંહ  : ________

A. કેશવાળી    B. બહાદુર    C. નખ    D. વિકરાળ

7. $(0.04)^{-1.5}$ = _______

A. 25    B. 125    C. 250    D. 625

8. $17^{3.5} \times 17^{x} = 17^{8}$ તો X =______

A. 2.29    B. 2.75    C. 4.25    D. 4.5

9. કોઈ બે સંખ્યાઓનો લ.સા.અ અને ગુ.સા.અ. અનુક્રમે 140 અને 7 છે જો તે સંખ્યાઓ 20 અને 45 ની વચ્ચે હોય તો તે સંખ્યાઓનો સરવાળો કેટલો હશે?

A. 63    B. 56    C. 70    D. 77

10. 10 % ના દરે 3 વર્ષ માટે સાદા વ્યાજે નાણા રોકવાથી રોકાણના કેટલા ભાગનું વ્યાજ મળે ?

A. 30    B. 130    C. $\frac{3}{10}$    D. $\frac{13}{10}$

11. જો આઠ ક્રમિક બેકી સંખ્યોની સરેરાશ 93 છે તો તેમાં સૌથી મોટી સંખ્યા કઈ છે ?

A. 102    B. 100    C. 98    D. 86

12. 0,3,6,7 અને 9 અંકોનો ઉપયોગ ફક્ત એકજ વાર કરી સૌથી મોટામાં મોટી અને સૌથી નાનામાં નાની 5 અંકોની સંખ્યાઓનું અંતર કેટલું હશે ?

A. 93951    B. 67061    C. 66951    D. 60840

13. એક મોટરકારની ઝડપમાં 2 કિમી/કલાક ના દરથી વધારો થાય છે.જો પહેલા એક કલાકમાં 35 કિમી અંતર કાપ્યું હોય તો 12 કલાકમાં કેટલું અંતર કાપ્યું હશે?

A. 456 કિમી    B. 482 કિમી    C. 552 કિમી    D. 556 કિમી

14. 8 કિમી/કલાક ઝડપથી ચાલીને એક વ્યક્તિ એક પુલને 24 મિનિટમાં પસાર કરી દે છે.તો પુલની લંબાઈ કેટલી હશે.

A.1000 મી.    B. 1250 મી.    C. 3000 મી.    D. 3200 મી.

15. X અને Y સાથે મળી એક કામ 5 દિવસમાં પુરું કરી શકે છે એકલો X આ કામ 7 દિવસમાં પુરું કરે છે.તો Y એકલો આ કામ કેટલા દિવસમાં પુરું કરે ?

A. $17\frac{1}{2}$    B. $\frac{17}{2}$    C. $1\frac{2}{17}$    D. $2\frac{1}{17}$

16. $\frac{\sqrt{256}}{\sqrt{361}} = \frac{x}{95}$ તો $x$ ની કિંમત કેટલી ?

A. 50 B. 80 C. 68 D. 58

17. $\sqrt{(500)^2 - (400)^2 = ?}$

A. 100 B. 200 C. 300 D. 400

18. જો કોઈ સંખ્યાના 60 % માં 60 નો ઉમેરો કરતાં સંખ્યા તેની તે જ રહે તો તે સંખ્યા કઈ હોઈ શકે ?

A. 150 B. 149 C. 148 D. 145

19. એક વસ્તુ 720 રૂ.માં વેચતાં 20 % નફો થાય તો તેના પર 10 % નફો મેળવવા કેટલામાં વેચવી જોઈએ ?

A. 120 B. 660 C. 600 D. 700

20. 2 વર્ષ પહેલા માતા-પિતા અને બે પુત્રીઓની ઉંમરનો સરવાળો 40 વર્ષ હતો.૩ વર્ષ પછી તેમની ઉંમરનો સરવાળો કેટલા વર્ષ થાય ?

A. 52 B. 48 C. 50 D. 60

21. 25,19,31,18,19,21,32,19,14,19 પ્રાપ્તાંકોનો બહુલક કેટલો છે ?

A. 21 B. 23 C. 25 D. 19

22. 6,54,872 માં 4 અને 7ની સ્થાનકિંમતનો તફાવત જણાવો.

A. 6960 B. 330 C. 3930 D. 660

23. આપેલ માહિતીનો મધ્યસ્થ કેટલો ?

24,36,46,17,18,25,35,27

A. 25 B. 26 C. 26.5 D. 27

24. સમાન વ્યાજ દરે 1500 રૂ. નું 4 માસનું વ્યાજ બરાબર 2000 રૂ.નું કેટલા માસનું વ્યાજ થાય ?

A. 3 માસ B. 4 માસ C. 6 માસ D. 8 માસ

25. લીપ વર્ષના ફેબ્રુઆરી માસમાં 5 મંગળવાર હોય તેની સંભાવના કેટલી ?

A. $\frac{1}{7}$ B. 1 C. $\frac{5}{7}$ D. 0

26. નવ સંખ્યાની સરેરાશ 50 છે.જેમાંની પ્રથમ પાંચ સંખ્યાની સરેરાશ 54 છે.જયારે છેલ્લી ત્રણ સંખ્યાઓની સરેરાશ 52 છે તો છઠ્ઠી સંખ્યા કઈ હશે ?

A. 34 B. 24 C. 44 D. 30

27. એક મહિનાની પાંચમી તારીખે મંગળવાર હતો.આ માસના બીજા સપ્તાહના શુક્રવારના પાંચમાં દિવસે કઈ તારીખ આવશે ?

A. 11 મી તારીખ B. 11 મી તારીખ C. 14 મી તારીખ D. 13 મી તારીખ

28. A ને એક કાર્યને 18 દિવસમાં અને B તે કાર્યને 15 દિવસમાં પૂર્ણ કરી શકે છે.B એ 10 દિવસ કામ કરીને છોડી દીધું છે.તો બાકી કામ A કેટલા દિવસમાં પૂર્ણ કરશે ?

A. 5 દિવસ B. $5\frac{1}{2}$ દિવસ C. 6 દિવસ D. 8 દિવસ

29. કોઈ ચોક્કસ સંજ્ઞામાં **FRAGRANCE** ને **SBHSBODFG** એ રીતે લખાય તો આ સંજ્ઞામાં **IMPOSING** કઈ રીતે લખાય

A. **NQPTJHOJ** B. **NQPTJOHI** C. **NQTPJOHJ** D. **NQPTJOHJ**

30. એક વ્યક્તિની ઉંમર તેના પુત્રની ઉંમરથી બમણી છે.10 વર્ષ પહેલા પિતાની ઉંમર પુત્રની કરતાં 7 ગણી હતી તો વર્તમાનમાં પુત્રની ઉંમર કેટલી હશે?

A. 12 વર્ષ B. 17 વર્ષ C. 18 વર્ષ D. 21 વર્ષ

31. 144 કિમી/કલાકની ઝડપે ચાલતી 100 મીટર લાંબી ટ્રેનને એક ઇલેક્ટ્રિક થાંભલાને પસાર કરતાં કેટલો સમય લાગશે ?

A. 2.5 સેકન્ડ B. 4.25 સેકન્ડ C. 5 સેકન્ડ D. 12.5 સેકન્ડ

32. પ્રશ્નાર્થ ચિન્હની જગ્યાએ કઈ આકૃતિ આવશે ?




| A. | B. | C. | D. |
|---|---|---|---|
|  |  |  |  |

33. I. બગીચાના તમામ ફૂલો લાલ છે.
II. કેટલાક ફૂલો ગુલાબ છે.
III. બગીચામાં બધા ગુલાબ લાલ છે.
જો પ્રથમ બે વિધાન સાચા હોય, તો ત્રીજું વિધાન છે

A. ખોટા B. સાચું C. અનિશ્ચિત D. ઉપરોક્તમાંથી કોઈ નહીં

34. નીચેનામાંથી કયા અક્ષરોનો સમૂહ ક્રમશઃ અંતર પર મૂકવામાં આવે ત્યારે અક્ષર શ્રેણી પૂર્ણ કરે છે ?

**_ab _b _aba _ _abab**

**A. abbab**

**B. abbaa**

**C. abaab**

**D. aaaba**

35. એક છબી તરફ ઈશારો કરીને મધુ સોહનને કહે છે,"હું આ મહિલાની એકમાત્ર પુત્રી છું,અને તેનો પુત્ર તારા મામા છે." મધુનો સોહનના પિતા સાથે કેટલો સંબંધ છે ?

A. બહેન B. પત્ની C. ભાભી D. ઉપરોક્તમાંથી કોઈ નહી

36. **EQ, FS, HW, KA,____, TL** શ્રેણીમાં ખૂટતા અક્ષરો શું હશે?

A. **AL** B. **OF** C. **HP** D. ઉપરોક્તમાંથી કોઈ નહીં

37. વર્ગમાં ગીતાનો ક્રમ શું છે?

I. વર્ગમાં ૩૦ વિદ્યાર્થીઓ છે.

II. એવા 10 વિદ્યાર્થીઓ છે જેમણે ગીતા કરતા ઓછા અંક મેળવ્યા છે.

A. વિધાન I એકલું પર્યાપ્ત છે, પરંતુ એકલું વિધાન II પૂરતું નથી

B. એકલું વિધાન II પૂરતું છે. પરંતુ વિધાન I એકલું પૂરતું નથી

C. કયાં તો I અથવા II પર્યાપ્ત છે

D. I અને II બંને જરૂરી છે

38. જે શબ્દો અલગ રીતે સંબંધિત છે તે જોડી પસંદ કરો?

A. પર્સ: પૈસા B. આયર્ન: સખત C. કપાસ: નરમ D. બરફ: ઠંડી

39. હું મારા ઘરથી ઉત્તર-પશ્ચિમ દિશામાં 30 મીટર અને પછી દક્ષિણ-પશ્ચિમ દિશામાં 30 મીટર ચાલુ છું. આ પછી હું દક્ષિણ-પૂર્વ દિશામાં 30 મીટર ચાલુ છું. હવે, હું મારા ઘર તરફ વળું છું. હું કઈ દિશામાં જાઉં છું ?

A. ઉત્તર-પૂર્વ B. ઉત્તર-પશ્ચિમ C. દક્ષિણ-પૂર્વ D. દક્ષિણ-પશ્ચિમ

40. જો કોઈ સાંકેતિક ભાષામાં 123 નો અર્થ **COOL MORE COFFEE 356** નો અર્થ HOT COOL MAY અને 589 નો અર્થ MAY AND NIGHT હોય તો HOT નો કોડ શોધો.

A. 8 B. 1 C. 6 D. 5

41. ‘ કપૂરે કોગળા કરવા ’ – રૂઢીપ્રયોગ નો અર્થ સમજાવો.

A. ધનનો હિસાબ માંડવો B. પૂજા કરવી. C. ખૂબ વૈભવ માણવો. D. દાંત મજબૂત કરવાં.

42. બે ઘરનો પરોણો ભૂખે મરે – કહેવતનો સાચો અર્થ દર્શાવો.

A. જરૂરત હોય તો શરમ મૂકી દેવી. B. એક સાથે બે કામ ન થઈ શકે

C. જેવા પોતે તેવા બીજા D. અનિશ્ચિતતા થી દુઃખી થવાય

43. કામધેનૂ કયો સમાસ છે ?

A. બહુવ્રીહિ B. મધ્યમપદલોપી C. અવ્યયીભાવ D. તત્પુરુષ

44. નહીં નાથ ! નહીં નાથ ! ન જાણો કે સવાર છે,

આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે.

પંક્તિનો છંદ ઓળખાવો.

A. અનુષ્ટુપ B. વસંતતિલકા C. શિખરિણી D. હરિણી

45. ઝંઝાનાં ઝાંઝરને પહેરી પધાર પિયા
કાનનાં કમાડ મારા ઢંઢોળી જા. - અલંકાર ઓળખાવો

A. સજીવારોપણ B. અતિશયોક્તિ C. રૂપક D. દ્રષ્ટાંત

46. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો – ઘાસની જમીન

A. તૃણપ્રદેશ B. તૃણબીજ C. માળ D. બીડ

47. નીચેની પૈકી કઈ જોડણી સાચી છે ?

A. સુશ્રુસા B. શુશ્રૂષા C. શૂશ્રુસા D. સૂશ્રૂસા

48. આપેલ વાક્યમાં રહેલ અશુદ્ધિ શોધો. સજ્જન માણસ હંમેશા પરનિંદાથી દૂર રહેવાનો પ્રયાસ કરે છે.

A. સજ્જન માણસ B. હંમેશા પરનિંદાથી
C. દૂર રહેવાનો પ્રયાસ કરે છે. D. ભૂલ નથી

49. ‘ સ્વાધીન ’ – સંધિવિગ્રહ કરો.

A. સ્વા+ધીન B. સ્વા+અધિન C. સ્વ+ અધિન D. સ્વ+અ+ધીન

50. ‘ ચારુતા ’ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો.

A. ખલક B. જ્યોત્સના C. લાવણ્ય D. નિપુણતા

51. ‘ સુકૃતિ ’ નો વિરુધાર્થી શબ્દ જણાવો.

A. નિષ્કુર્થી B. અકૃતિ C. વિકૃતિ D. આકૃતિ

52. ‘ ભાઠો ’ તળપદા શબ્દનું શિષ્ટરૂપ કયું છે.

A. પથરો B. રોડું C. દડબું D. ઢેકું

53. શબ્દકોશ પ્રમાણે સાચો ક્રમ દર્શાવતો વિકલ્પ શોધો.

A. વૈતનિક,વૈચારિક,વૈષ્ણવ,વૈદિક B. વૈદિક,વૈષ્ણવ,વૈચારિક,વૈતનિક
C. વૈષ્ણવ,વૈદિક,વૈતનિક,વૈચારિક D. વૈચારિક,વૈતનિક,વૈદિક,વૈષ્ણવ

54. અગ્નિ+ઉપાસક- સંધિ જોડો

A. અગન્યોપાસક B. અગન્યુપાસક C. અગ્નિપાસક D. અગ્નિયોપાસક

55. ‘ શર્વરી ’ શબ્દનો સમાર્નાથી શબ્દ કયો છે.

A. સમીર B. રજની C. શ્યામા D. વલ્લભા

56. નીચેનામાંથી કયા શબ્દની જોડણી ખોટી છે ?

A. મ્યુનિસિપાલિટી B. કવયિત્રી C. પરીક્ષિત D. નિશિથ

57. ‘ મરભનયયય ’ – બંધારણ કયા છંદનું છે.

A. શિખરિણી B. શાર્દૂલવિક્રીડીત C. પૃથ્વી D. સ્ત્રગ્ધરા

58. કયું વાક્ય શુદ્ધ છે ?

A. તમે શું વાત કરી છે ? B. તમે શું વાત કરો છો ?
C. તમે શી વાત કરો છો ? D. તમે શેં વાત કરો છો ?

59. વૃદ્ધાવસ્થા કે મૃત્યુ ન આવે તેવું શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

A. અમર B. શાશ્વત C. અજરામર D. દિવ્ય

60. નીચેમાંથી વ્યતિરેક અલંકારનું ઉદાહરણ કયું છે તે દર્શાવો.

A. પાદરેથી રસ્તાઓ પાછા વળશે રે લઈ લેણ દેણ તુટ્યાનું શૂળ

B. અષાઢી અંધારે મનમાં વીજ સમા તરવરતા સાજન

C. આ નભ ઝૂક્યું તો કાનજી ને ચાંદની તે રાધા રે !

D. કમળકળી થકી કોમળું રે બહેની ! અંગ છે એનું.

61. The________Price for the cab was very reasonable

A. Fire B. Fair C. Fare D. Friar

62. The________tree stood tall

A. Bare B. Bear C. Beer D. Brier

63. Last night,the CEO___________________a major restructuring plan to improve efficiency before the shift ended.

A. was announcing B. announced C. had announced D. announces

64. By the next year he____________his M.B.A

A. Completes B. will complete C. will have completed D. had completed

65. Correct passive voice of ' Do not insult the weak ' is.

A. The weak is not insulted. B. Let the weak not be insulted.
C. The weak is not being insulted. D. Let the weak is not insulted.

66. He said to me " wait till I come " The correct answer is______________

A. He told me that wait till I Come B. He asked me that wait till I Came
C. He asked me to wait till he Came D. He said to me to wait till I Come

67. She said " oh! enough " The correct answer is______________

A. She said that oh enough ! B. She said that oh ! it was enough
C. She exclaimed with disgust that it had enough D. She exclaimed with disgust that it was enough

68. He talks as if he_____________my boss.

A. is B. was C. were D. had

69. My father was angry___________me

A. on B. with C. to D. by

70. He has been accused____________murder

A. of B. from C. by D. with

71. Yesterday I saw a_____________of grain.

A. bundle B. bunch C. Sheaf D. Shafe

72. The members of this family help

A. one another B. each other C. one the other D. any other

73. The public meeting__________in great confusion.

A. broke down B. broke up C. broke at D. broke about

74. **Adverb is a word which qualifies____________**

**A. Noun and verb** **B. Verb and adverb** **C. adverb and noun** **D. Noun and adjective**

75. **Release someone from a duty or obligation is called_______**

**A. Emphered** **B. Extempore** **C. Exonerate** **D. Exanimate**

76. **A government from in which nobility hold all power is called______**

**A. Autocracy** **B. Aristocracy** **C. Autonomy** **D. Autocratic**

77. **The news was______________**

**A. inbelievable** **B. non- believable** **C. un believable** **D. anti believable**

78. **Transform the following sentence into Comparative Degree.**

**Of all things in the world light travels the fastest.**

**A. Light travels faster than all other things.** **B. Light travels faster to all other things.**
**C. Light travels as faster as all other things.** **D. Light travels fastest than all ther things.**

79. **Transform the following sentence into a conditional statement.**

**I get a discount.I will travel**

**A. As soon as I get a discount, I will travel.** **B. When I get a discount, I will travel.**
**C. if I get a discount, I will travel.** **D. I get a discount and I will travel.**

80. **Make the sentence interrogative.**

**Stop talking.**

**A. Stopped talking ?** **B. Will he stop talking ?** **C.Will you stop talking ?** **D. Am I to stop talking ?**

81. 1 સપ્ટેમ્બર,2024 ની સ્થિતિએ ભારતમાં કુલ કેટલી રામસર સાઈટસ આવેલી છે ?

A. 83 B. 85 C. 86 D.87

82. તાજેતરમાં સિક્કીમના ગંગટોક જીલ્લામાં હાઈડ્રોપાવર સ્ટેશનની સાઈટ ખાતે ભૂ-સ્ખલન થયું હતું.તે કઈ નદી પર આવેલ છે ?

A. રંગિત B. બ્રહ્મપુત્રા C. કૃષ્ણા D. તીસ્તા

83. તાજેતરમાં લોકસભાના અધ્યક્ષ દ્વારા જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં આવી છે.

A. કે.સી.વેણુગોપાલ B. સંજય જયસ્વાલ C. બૈજયંત પાંડા D. ફગ્ગનસિંહ કુલસ્તે

84. તાજેતરમાં ગુજરાત સરકારની બ્રાંડ ‘ ગરવી ગુર્જરી ’ ને કોના દ્વારા ટ્રેડમાર્ક પ્રમાણપત્ર આપવામાં આવ્યું.

A. બ્રિટન સરકાર B. જાપાન સરકાર C. ભારત સરકાર D. સિંગાપોર સરકાર

85. વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે.

A.19 ઓગસ્ટ B. 24 ઓગસ્ટ C. 17 સપ્ટેમ્બર D. 1 મે

86 પેરિસ ઓલમ્પિક 2024માં ભારતને કઈ ઈવેન્ટમાં સૌથી વધુ મેડલ પ્રાપ્ત થયા હતા.

A. હોકી B. તિરંદાજી C.શૂટિંગ D. બેડમિન્ટન

87. નેશનલ ઈન્સ્ટીટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF) ઇન્ડિયા રેન્કિંગ 2024 માં કઈ સંસ્થા પ્રથમ નંબરે આવી.

A. IIT-દિલ્હી B. IIT-મદ્રાસ C. IIT-ગાંધીનગર D. IIT-બોમ્બે

88. તાજેતરમાં PM મોદી પોલેન્ડથી કઈ સ્પેશિયલ ટ્રેનમાં 10 કલાકની મુસાફરી કર્યા પછી યુક્રેન પહોચ્યા હતા.

A. પોલેન્ડ રેપીડ B. રેઈલક્રેન C. રેલફોર્સ વન D. ટ્રેન ફોર્સ ઈન પોલેન્ડ

89. તાજેતરમાં WHO એ કઈ બીમારીને આરોગ્યને લગતી વૈશ્વિક કટોકટી જાહેર કરી.

A. મલેરિયા B. મધુપ્રમેહ C. મન્કીપોક્સ D. કમળો

90. વર્ષ 2024 નો વિજ્ઞાનરત્ન પુરસ્કાર કોને એનાયત કરવામાં આવ્યો.

A. પ્રશાંતકુમાર B. રોક્સી મેથ્યું કોલ C. પ્રો.અરવિંદ પેનમાત્સ D. જી.પદ્મનાભ

91. તાજેતરમાં ISRO દ્વારા SSLV-D3 ની મદદથી કયા મિશનને સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું.

A. EOS-03 B. EOS-08 C. EOS-10 D. EOS-11

92. 70 મો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર-2024 માં ગુજરાતની કઈ ફિલ્મને રાષ્ટ્રીય અને સામાજીક મુલ્યોને પ્રોત્સાહન આપતી શ્રેષ્ઠ ફિચર ફિલ્મનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

A.કચ્છ એક્સપ્રેસ B. ગુલમહોર C. બ્રહ્માસ્ત્ર D. છેલ્લો શો

93. નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનનો દરજ્જો હાંસલ કરનાર ભારતનું પ્રથમ એરપોર્ટ કયું છે.

A. હૈદરાબાદ એરપોર્ટ B. બેંગલુરુ એરપોર્ટ C. દિલ્હી એરપોર્ટ D. અમદાવાદ એરપોર્ટ

94. બ્રુસેલ્સમાં આયોજિત ડાયમંડ લીગ 2024 માં નીરજ ચોપડાએ કયો મેડલ જીત્યો.

A. ગોલ્ડ B. સિલ્વર C. બ્રોન્ઝ D. એક પણ નહી

95. કઈ નવી રમત 2025 માં ભારતમાં તેઓ ઉદ્ઘાટન વર્લ્ડ કપ યોજવાનો છે ?

A. કબડ્ડી B. ખો ખો C. બાસ્કેટબોલ D. સ્કેટિંગ

96. તાજેતરમાં કોણે ‘મિસ યુનિવર્સ ઈન્ડિયા 2024 નો ખિતાબ જીત્યો છે ?

’A.રિયા સિંઘા B. અંજુમ મલિક C. પ્રાંજલ પ્રિયા D. સાનવી શર્મા

97. સ્વચ્છતા હી સેવા-2024 અભિયાનની થીમ શું છે ?

A. સ્વભાવ સ્વચ્છતા-સંસ્કાર સ્વચ્છતા B. સ્વચ્છતા હી સેવા-એક સંકલ્પ

C. સ્વચ્છ ભારત-હરીત ભારત-એક સંકલ્પ D. સ્વચ્છતા ત્યાં પ્રભુતા

98. તાજેતરમાં ચોથી ગ્લોબલ રીન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર મીટ એને એકસપો (RE-INVEST) નું આયોજન ક્યાં થયું હતું.

A.ભારત મંડપમ,નવી દિલ્હી B. જીયો સેન્ટર,મુંબઈ

C.ટેકનોલોજી સેન્ટર,બેંગલુરુ D. મહાત્મા મંદિર-ગાંધીનગર

99. તાજેતરમાં સમાચારમાં રહેલ તિઝુ અને ઝુન્ગકી શું છે ?

A. નદીઓ B. માછલીની જાતિઓ C. મણીપુરનું નૃત્ય D. ઉતરાખંડનો એક સમુદાય

100. તાજેતરમાં દક્ષિણ આફ્રિકાનો પ્રતિષ્ઠિત “ નેલ્સન મંડેલા લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ કોને એનાયત કરવામાં આવ્યો છે ?

A. વિનોદ ગણાત્રા B. સંજય સિંહ C. કમલેશ શર્મા D. વિજય શાહ

101. તાજેતરમાં ગુજરાત સરકારે કઈ કંપની સાથે સાથે આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ રેડીનેસ અંગે કરાર કરવામાં આવ્યા.

A. TCS B. INFOSYS C. INTEL D. CDAC

102. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા " પર્યાવરણીય પ્રદર્શન સૂચકઆંક-2024 માં ભારત કયા ક્રમે છે ?

A. 161 B. 176 C. 152 D. 146

103. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા " પર્યાવરણીય પ્રદર્શન સૂચકઆંક-2024 માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

A. સ્વીડન B. આઈસલેન્ડ C. એસ્ટોનિયા D.નેધરલેન્ડ

104. ભારતીય નૌકાદળના પ્રથમ મહિલા હેલીકોપ્ટર પાઈલટ કોણ બન્યું છે ?

A. અનામિકા રાજીવ B. અવંતિકા વૈષ્ણવ C. નિહારિકા ઐયર D. પરમ્બિત કૌર

**105.** ભારતમાં વર્ષ 2024 માં કેટલામી લોકસભા માટે ચુંટણીનું આયોજન થયું હતું ?

A. 16 મી B. 17 મી C. 18 મી D. 19 મી

106. તાજેતરમાં ' ભારત સેન્ટર ઓફ ઓલમ્પિક રીસર્ચ એન્ડ એજ્યુકેશન' નું ઉદ્ઘાટન ક્યાં થયું હતું.

A. દિલ્હી B. ચેન્નાઈ C. મુંબઈ D. ગાંધીનગર

107. સાડો નામની સોનાની ખાણ કે જેને હાલમાં વલ્ડ હેરીટેજ સાઈટમાં મુકવામાં આવી તે કયા દેશમાં આવેલી છે ?

A. ઉત્તર કોરિયા B. જાપાન C. થાઈલેન્ડ D. તાઈવાન

108. તાજેતરમાં તાઈવાન,ફિલીપાઈન્સ અને દક્ષિણ પૂર્વ ચીનમાં તબાહી મચાવનાર ટાઈફૂનનું નામ શું છે.?

A. ટાઈફૂન ગેમી B. ટાઈફૂન ઈવ C. ટાઈફૂન બરીજાત D. ટાઈફૂન થેલમાં

109. તાજેતરમાં **UPSC** ના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણુંક કરવામાં આવી છે?

A. શ્રી રાહુલ સિંહ B. સુશ્રી પ્રીતિ સુદન C. સુશ્રી અવની ગુપ્તા D. શ્રી નલીન મુખોપાધ્યાય

110. ગુજરાત વિદ્યાપીઠના વર્તમાન કુલપતિ કોણ છે.

A. ડૉ.રાજેન્દ્ર ખીમાણી B. પ્રો.અનામિક શાહ C. ડૉ.હર્ષદ પટેલ D. ડૉ.અરુણકુમાર દવે

111. પૃથ્વીના ગ્લોબ પર કુલ કેટલા અક્ષાંશ આવેલા છે?

A. 181 B. 179 C. 182 D. 185

112. બે રેખાંશ વચ્ચે કેટલી મીનીટનું અંતર હોય છે?

A. ૨ મિનીટ B. ૪ મિનીટ C. ૩ મિનીટ D. ૫ મિનીટ

113. રેગુર" એ શું છે?

**A.** ખોરાકી પાક **B.** જમીનનો પ્રકાર **C.** ખનીજ **D.** રણનું નામ

114. નીચેનામાંથી કયા જીલ્લામાંથી કર્કવૃત્ત પસાર થતું નથી ?

**A.** મહેસાણા **B.** અરવલ્લી **C.** ગાંધીનગર **D.**બનાસકાંઠા

115. કર્કવૃત્તને બે વાર ઓળંગતી ભારતની એકમાત્ર નદી કઈ છે?

**A.** લુણી નદી **B.** બનાસ નદી **C.** હાથમતી નદી **D.** મહી નદી

116. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં સૌથી વધુ વસ્તીવૃદ્ધિ દર ક્યાં નોંધાયો હતો?

A. સુરત B. રાજકોટ C.તાપી D. અમદાવાદ

117. તાનસા અભ્યારણ ભારતના કયા રાજ્યમાં આવેલું છે?

**A.** મધ્યપ્રદેશ **B.** મહારાષ્ટ્ર **C.** આસામ **D.** હિમાચલપ્રદેશ

118. ડેલ્ટા એટલે શું ?

**A.** નદીનું ઉદભવ કેન્દ્ર **B.** પાંચ નદીનો સંગમ પ્રદેશ **C.**નદીનો મુખ ત્રિકોણપ્રદેશ **D.** આપેલ તમામ

119. પૃથ્વીનો પરિક્રમણ સમય લગભગ કેટલો છે?

**A.** ૨૩ કલાક ૫૬ મિનીટ ૪ સેકંડ **B.** ૩૬૫ દિવસ ૬ કલાક

**C.** ૨૩ કલાક ૫૦ મિનીટ **D.** ૩૬૫ દિવસ ૪ કલાક

120. પોલાવરમ સિંચાઈ પ્રોજેક્ટ કઈ નદી પર બનાવવાનું કામ ચાલી રહ્યું છે?

**A.** કાવેરી નદી **B.** ક્રિષ્ના નદી **C.** ગોદાવરી નદી **D.** પેરિયાર નદી

121. વિદેશી હૂડિયામણ અનામત કોના દ્વારા નિયંત્રિત થાય છે ?

**A.** સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા **B.** ઇન્ટરનેશનલ મોનીટરી ફંડ **C.** રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા **D.** નાણા મંત્રાલય

122. ૧૯૩૫ માં ભારતીય રીઝર્વ બેન્કની મુખ્ય ઓફીસ કયા શહેરમાં શરુ કરવામાં આવી હતી?

**A.** હૈદરાબાદ **B.** દિલ્હી **C.** કલકતા **D.** મુંબઈ

123. કૃષિ પેદાશોના ઓછા ભાવ વખતે પેદાશની વધુ માંગને શું કહેવામાં આવે છે?

**A.** માંગનું સંકોચન **B.** માંગનું પ્રસરણ **C.** ભાવનું સંકોચન **D.** અસ્થાયી ભાગ

124. "હરિતક્રાંતિ કઈ પંચવર્ષીય યોજના દરમિયાન થઇ હતી?

**A** પ્રથમ **B.** તૃતીય **C.** સાતમી **D.** નવમી

125. નીચેનામાંથી કયા દેશમાં એકતંત્રી વિત્તવ્યવસ્થા છે?

**A.** ફ્રાંસ **B.** ભારત **C.** કેનેડા **D.** યુ.એસ.એ.

126. "સમગ્ર વિશ્વમાં આવકવેરો સમજવો અઘરો છે. આ વિધાન કોનું છે?

A. મહાત્મા ગાંધીજી B. એડમ સ્મિથ C. આલ્બર્ટ આઈનસ્ટાઈન D. જવાહરલાલ નહેરુ

127. શ્વેત ક્રાંતિ કઈ બાબતના ઉત્પાદન સાથે જોડાયેલી છે?

A. ડાંગર B. કપાસ C. ખાંડ D. દૂધ

128. ભારતમાં નવી રાષ્ટ્રીય કૃષિનીતિની જાહેરાત ક્યારે કરવામાં આવી?

**A.** ૨૮ જુલાઈ, ૨૦૦૪ **B.**૦૧ જુલાઈ, ૨૦૦૪ C. ૦૧ એપ્રિલ, ૨૦૦૪ **D.** ૦૧ જાન્યુઆરી, ૨૦૦૪

129. ટેલિ કોમ્યુનિકેશન સેવાઓને કોના દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે?

**A. SEBI** **B. TRAI** **C. NALSA** **D. AAI**

130. ઉત્તરપ્રદેશનું ફિરોઝાબાદ શહેર કયા ઉદ્યોગ માટે પ્રખ્યાત છે?

**A.** સિમેન્ટ ઉદ્યોગ **B.** કાચ ઉદ્યોગ **C.** વિજાણું ઉદ્યોગ **D.** શણ ઉદ્યોગ

131. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કયા વર્ષથી અસ્તિત્વમાં આવ્યું?

A. 1970 B. 1980 C. 1974 D. 1985

132 મોટાભાગના વાતાવરણીય વાયુ પ્રદુષણ કયા આવરણમાં હાજર હોય છે?

A. સ્ટ્રેટોસ્ફીયર B. થર્મોસ્ફીયર C. ટ્રોપોસ્ફીયર D.મેસોસ્ફીયર

133. પૃથ્વી પર જ્યાં જીવન છે તે આવરણ કયા નામથી ઓળખાય છે?

A. એટમોસ્ફીયર B. બાયોસ્ફીયર C. લિથોસ્ફીયર D. હાયડ્રોસ્ફીયર

134. નીચેના પૈકી વાહનો માટે કયું ઇંધણ ન્યુનતમ પ્રદુષણકારી છે?

A. પેટ્રોલ B. ડીઝલ C. સી.એન.જી D. બાયોડીઝલ

135. ભારતમાં ચિપકો આંદોલન- કયા ઉદ્દેશ્યથી થયું હતું?

A. વસ્તી વધારાના નિયંત્રણ માટે B. ખેત ઉત્પાદન વધારવા માટે

C. જંગલો બચાવવા માટે D.વાઘની પ્રજાતિ બચાવવા માટે

136. ભારતે વન અને પર્યાવરણ મંત્રાલયની સ્થાપના ક્યારે કરી?

A. 1970 B. 1974 C. 1980 D.1985

137. ભારતમાં ક્યાં સૌથી વધુ ચક્રવાત ટકરાય છે?

A. ઉત્તર-પૂર્વ ભારત B. દક્ષિણ-પૂર્વ ભારત C. દક્ષિણ-પશ્ચિમ ભારત D. પશ્ચિમ ભારત

138. ગ્રામ્ય આપત્તિ વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ કોણ હોય છે?

A. તાલુકા વિકાસ અધિકારી B. મામલતદાર C. તલાટી D. સરપંચ

139. વિશ્વમાં સૌથી વધુ કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન કરતો દેશ કયો છે?

A. ભારત B. ચીન C. બ્રાઝીલ D. રશિયા

140. સૌ પ્રથમ અર્થ સમિટ ક્યાં યોજાઈ હતી?

A. ન્યુયોર્ક B. સિડની C. રિયો-ડી-જાનેરો D. બર્લિન

141. નીચેનામાંથી કઈ ધાતુ પ્રિન્ટીંગ ઉદ્યોગમાં વ્યાપકપણે વપરાય છે?

A. ઝીંક B. મેગ્નેશિયમ C. ટીન D.લેડ

142. હાઈગ્રોમીટરનો ઉપયોગ શેના માટે થાય છે?

A. તાપમાન B. ભેજ C.ભૂકંપની તીવ્રતા D.સમુદ્રની ઉંડાઈ

143. તારાઓનું ચમકતું દેખાવા માટે નીચેનામાંથી કઈ પ્રકાશીય ઘટના જવાબદાર છે?

A. વાતાવરણીય પરાવર્તન B. વાતાવરણીય વકીભવન

C. પૂર્ણ આંતરિક પરાવર્તન D. પ્રકાશનું વિભાજન

144. પક્ષીઓમાં કયા અંગનો અભાવ હોય છે?

A. ફેફસા B. મૂત્રપિંડ C. મૂત્રાશય D. હૃદય

145. કયા પ્રાણીમાં પિત્તાશય હોતું નથી?

A. ઊંટ B. ઘોડો C. હાથી D. જિરાફ

146.ભારતીય અવકાશ વિજ્ઞાનના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે.

A. ડૉ.હોમી ભાભા B. ડૉ.સી.વી.રામન C. ડૉ.જગદીશચંદ્ર બોઝ D. ડૉ.વિક્રમ સારાભાઈ

147. ફીઝીકલ રીસર્ચ લેબોરેટરી ભારતમાં ક્યાં આવેલ છે ?

A. નવી દિલ્હી B. પુણે C. શ્રી હરિકોટા D. અમદાવાદ

148. ભારતમાં કોઈ પણ ઉપગ્રહ ક્યાંથી છોડવામાં આવે છે.

A. કોલકાતા B. વિશાખાપટ્ટનમ C. કોચી D. શ્રી હરિકોટા

149. સ્પુટનીક-01 રશિયા દ્વારા ક્યારે છોડવામાં આવ્યો.

A. 04,સપ્ટેમ્બર1957 B. 04,ઓક્ટોબર1957 C. 04,એપ્રિલ1957 D. 04,જુન1957

150. દુનિયામાં સૌથી મોટો 18 MM TON લિથિયમ ભંડાર ક્યાં શોધવામાં આવ્યો?

A. અમેરીકા B. આર્જેન્ટીના C. ઓસ્ટ્રેલીયા D. બ્રિટન

151. કોના શાસનમાં ગુજરાત જૈન ધર્મનું બળવાન અને સમૃદ્ધ કેન્દ્ર બની ગયું ?

A. મૌર્ય B. ગુપ્ત C. સોલંકી D. વાઘેલા

152. નડિયાદમાં ડુમરાલ ભાગોળે આવેલી વાવ તથા ઉમરેઠની વાવ કોણે બંધાવેલી ?

A. રાણી રૂડાભાઈ B મીનળ દેવી C. ઉદયમતી D. કુમારપાળ

153. રઝાહુસેન ખાનું કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ ?

A. વીણાવાદક B. હાર્મોનિયમ વાદક C. જલતરંગ વાદક D. શાસ્ત્રીય સંગીત

154. સરદાર વલ્લભભાઈ પટેલે આદરેલ બારડોલી સત્યાગ્રહ કયા વર્ષમાં કરવામાં આવ્યો હતો.

A.ઈ.સ.૧૯૨૯ B. ઈ.સ.૧૯૨૬ C. ઈ.સ.૧૯૨૮ D. ૧૯૨૭

155. ગુજરાત રાજ્ય માટે ૧૨ મી માર્ચ નો દિવસ સા માટે યાદગાર બની રહ્યો.

A. હિન્દ છોડો ચળવળ B. અહીંશા આંદોલન C. દાંડી યાત્રા D. બારડોલી સત્યાગ્રહ

156. ખેડા સત્યાગ્રહ વખતે મોહનલાલ પંડ્યાને ગાંધીજીએ કઈ ઉપમા આપી હતી.

A. ડુંગળી ચોર B. તમાકુ ચોર C. બટાટા ચોર D. શેરડી ચોર

157. મોહેંજો-દડોમાંથી મળેલ માટીની કઈ વસ્તુઓએ સંસ્કૃતિના દસ્તાવેજી પુરાવા પુરા પાડ્યા હતા.

A. તાવીજ B. માટીના વાસણો C. તખતીઓ D. ઇંટો

158. ઉપનીષદોના બ્રહ્મદર્શન સાથે પ્રતિમા પૂજા અને બહુદેવવાદના સમન્વયથી કયો ધર્મ ઉદભવ્યો ?

A. સનાતન ધર્મ B. શૈવ ધર્મ C. ભાગવત વૈષણવ ધર્મ D. શાક્ત ધર્મ

159. ભગવાન બુદ્ધે કઈ ભાષામાં ઉપદેશ આપ્યો હતો ?

A. સંસ્કૃત B. પાલી C. પ્રાકૃત D. માગધી

160. શ્રી અરવિંદ ધોષે “ ભવાની મંદિર ” નામના પુસ્તકમાં ક્રાંતિની યોજના આલેખેલી જે કયા સામયિકમાં છપાયેલી?

A. દક્ષિણા B. મિલાપ C. કુમાર D. સાવીત્રી

161. પત્થર અને ઈન્ટેરી બાંધકામયુક્ત કૂવો કયા નામે ઓળખાય છે ?

A. શ્રીમુખ B. દુન્દુભી C. ભમ્મરીયો D. ચુડામણી

162. સુપ્રસિદ્ધ જોગીડાની ગુફા કયા વિસ્તારમાં આવેલી છે ?

A. લુણાવાડા B. બાલાસિનોર C. તારંગા D. મોડાસા

163. ગુજરાતમાં રાણીસતીની વાવ કયા શહેરમાં આવેલ છે ?

A. હિંમતનગર B. જુનાગઢ C. ભરૂચ D. પાટણ

164. ગુજરાતમાં બુદ્ધનો સ્તૂપ ક્યાં આવેલ છે ?

A. વેરાવળ B. દ્વારકા C. દેવની મોરી D. વલસાડ

165. અમદાવાદ ખાતે સરખેજનો રોજો મુસ્લિમો માટે કયા સંતનિ દરગાહ છે ?

A. શેખ અહમદ ખટ્ટગંજ બક્ષ B. અહમદશાહ બાદશાહ

C. સુલતાન મહમદ બેગડો D. સુલતાન મુઝાફરશાહ

166. યહૂદી ધર્મના શ્રદ્ધાળુઓનું ધર્મસ્થાન સિનેગોગ ગુજરાતમાં ક્યાં આવેલ છે ?

A. આનંદ B. અમદાવાદ C. પેટલાદ D. નવસારી

167. દિલ્હીનો લાલ કિલ્લો કોણે બંધાવ્યો હતો ?

A. જહાંગીર B. શાહજહાં C. ઔરંગઝેબ D. હુમાયુ

168. પ્રસિદ્ધ મીનાક્ષી મંદિર ક્યાં આવેલુ છે ?

A. કેરલ B. ઓરિસ્સા C. તમિલનાડુ D. આંધ્રપ્રદેશ

169. ગોળગધેડાનો મેળો ક્યાં ભરાય છે ?

A. જેસાવાડા B. રંગપુર C. વૌઠા D. રાપર

170. તામિલનાડુ ના પ્રચલિત લોકનૃત્યનું નામ જણાવો?

A. કોલટ્ટમ B. પનિહારી C. ડાગલા D. કુરદીશ

171. બંધારણીય જોગવાઈઓના પાલન ન થવા બદલ કોઈ રાજ્યમાં કયા અનુચ્છેદ હેઠળ રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવે છે ?

A. અનુચ્છેદ-૩૭૭ B. અનુચ્છેદ-૩૫૬ C. અનુચ્છેદ-૪૯૮ D. અનુચ્છેદ-૪૧૮-A

172. નાણાકીય કટોકટી કોણ જાહેર કરી શકે ?

A. રાષ્ટ્રપતિ B. વડાપ્રધાન C. નાણામંત્રી D. સંસદ

173. માહિતી મેળવવાના અધિકારનો કાયદો ક્યારથી અમલમાં આવ્યો ?

A. ઓગસ્ટ,૨૦૦૫ B. ઓકટોબર,૨૦૦૮ C. ઓકટોબર,૨૦૦૫ D. જુલાઈ,૨૦૦૫

174. ભારતીય બંધારણમાં કુલ કેટલી ભાષાઓને માન્યતા આપવામાં આવી છે ?

A. ૨૧ B. ૨૨ C. ૧૯ D. ૧૭

175. અંદાજપત્ર કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે ?

A. નાણાખાતું B. નાણાપંચ C. નાણાપ્રધાન D. અંદાજપત્રશાખા

176. કેન્દ્રમાં નવા રોજ્યોને દાખલ કરવા અથવા તેમની સ્થાપના બબત્નની જોગવાઈ સંવિધાનના કાયદાના કયા આર્ટીકલમાં કરવામાં આવી છે ?

A. આર્ટીકલ-૦૭ B. આર્ટીકલ-૦૨ C. આર્ટીકલ-૦૫ D. આર્ટીકલ-૦૯

177. ભારતમાં સૌથી છેલ્લે કયા રાજ્યની સ્થાપના કરવામાં આવી ?

A. ઝારખંડ B. મિઝોરમ C. છતીસગઢ D. તેલંગાણા

178. બંધારણમાં સુધારા કરવાની જોગવાઈ કયા અનુચ્છેદમાં જણાવવામાં આવેલ છે ?

A. અનુચ્છેદ-૩૭૭ B. અનુચ્છેદ-૩૬૮ C. અનુચ્છેદ-૩૮૬ D. અનુચ્છેદ-૪૧૦

179. બંધારણમાં કયા પ્રકારનો સુધારો કરી શકાય નહી.

A. મૂળભૂત ફરજો સુધારવી B. આમુખમાં સુધારો કરવો

C. બંધારણનિ કલમ ૫૪ માં સુધારો કરવો D. બંધારણના મૂળભૂત ઢાંચામાં ફેરફાર

180. એક જ વ્યક્તિ એક કરતા વધુ રાજ્યમાં રાજ્યપાલ તરીકે રહી શકે તેવી જોગવાઈ બંધારણના કયા સુધારા દ્વારા કરવામાં આવી ?

A. ૫ મો સુધારો B. ૭ મો સુધારો C. ૩ જો સુધારો D. ૯ મો સુધારો

181. ભારતીય બંધારણમાં કયા આર્ટીકલમાં કટોકટીની ઉદઘોષણા કરવામાં આવી ?

A. આર્ટીકલ-૩૫૭ B. આર્ટીકલ-૩૫૫ C. આર્ટીકલ-૩૫૩ D. આર્ટીકલ-૩૫૨

182. જો કોઈ કારણસર રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બનેના પદ ખાલી હોય ત્યારે એમના કાર્યો કોણ સંભાળે છે ?

A. એટર્ની જનરલ B. લોકસભાના સભાપતિ

C.ભારતના મુખ્ય ન્યાયધીશ D. મુખ્ય ચુંટણી અધિકારી

183. જ્ઞાતિ આધારિત અનામત ૫૦ ટકા થી વધવી જોઈએ નહી એવું કોણે કહ્યું ?

A. લોકસભા B. ગુજરાત વિધાનસભા C. સર્વોચ્ચ અદાલત D. આયોજનપંચ

184. વિધાનમંડળમાં વાપરવાની ભાષા અંગેની સ્પસ્ટતા ભારતીય સંવિધાનના કયા આર્ટીકલ અંતર્ગત કરવામાં આવેલ?

A. આર્ટીકલ-૧૯૮ B. આર્ટીકલ-૧૯૯ C. આર્ટીકલ-૨૧૦ D. આર્ટીકલ-૨૧૪

185. રાજ્ય નાણાપંચની નિમણુક કોણ કરે છે ?

A. વિધાનસભા B. રાજ્યપાલ C. મુખ્યપ્રધાન D. એક પણ નહી

186. કાસ્ટિંગ વોટ એટલે શું ?

A. બંને પક્ષે સરખું મતદાન થતા અધ્યક્ષે આપવાનો થતો મત B. જે એક મતથી સત્તાનું પલ્લું નમે તે

C. લવાદ દ્વારા અપાતો મત D. રદ થયેલ મત

187. લોકસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષની સોગંદવિધિ કોણ કરાવે છે ?

A. રાષ્ટ્રપતિ B. સુપ્રિમકોર્ટના મુખ્ય ન્યાયધીશ C. વડાપ્રધાન D. સોગંદવિધિ થતી નથી.

188. સંસદમાં મહિલા સશક્તિકરણ સમિતિની શરૂઆત કયા વર્ષથી કરવામાં આવી ?

A. ૧૯૮૧ B. ૧૯૭૫ C. ૧૯૯૦ D. ૧૯૮૨

189. વસ્તી ગણતરી બાદ રાજ્યોમાં લોકસભાની બેઠકની ફેર ગોઠવણી કરવામાં આવશે આ પ્રકારની જોગવાઈ સંવિધાનના કયા આર્ટીકલ અન્વયે કરવામાં આવી છે ?

A. આર્ટીકલ-૭૫ B. આર્ટીકલ-૯૦ C. આર્ટીકલ-૮૨ D. આર્ટીકલ-૮૭

190. ભારતના એટર્ની જનરલની નિમણુક કોના દ્વારા કરવામાં આવે છે ?

A. રાષ્ટ્રપતિ B. સુપ્રિમકોર્ટના મુખ્ય ન્યાયધીશ C. વડાપ્રધાન D. સંસદ

191. કોઈ ચોક્કસ રાજ્ય માટે જ્ઞાતિને અનુસુચિત જાતિ કે અનુસુચિત જનજાતિ તરીકે કોણ જાહેર કરી શકે?

A. રાષ્ટ્રપતિ B. સુપ્રિમકોર્ટ C. વડાપ્રધાન D. જે તે રાજ્યના મુખ્યમંત્રી

192. નવા કરવેરા નાખવા અથવા હયાત કરવેરામાં વધારો-ઘટાડો કરવા માટે જરૂરી પ્રસ્તાવ સંસદ સામે મુકવા માટે કોની મંજુરી લેવી જરૂરી છે ?

A. સંસદ B. ઓડીટર જનરલ C. રાષ્ટ્રપ્રમુખ D. ઉપ રાષ્ટ્રપ્રમુખ

193. યોગ્ય લાયકાત વિના જાહેર હોદ્દો ધારણ કરનાર વ્યક્તિ પર કઈ રીટ કરી શકાય ?

A. બંદી પ્રત્યક્ષીકારણ B. પરમાદેશ C. ઉત્પ્રેક્ષણ D. અધિકાર પ્રશ્ન

194. મનુષ્ય વેપાર અને બળજબરીથી કરાવવાની મજુરી ઉપરના પ્રતિબંધ ભારતીય સંવિધાનના કાયદાના કયા આર્ટીકલમાં કરવામાં આવેલ છે.

A. આર્ટીકલ-૨૨ B. આર્ટીકલ-૨૭ C. આર્ટીકલ-૨૯ D. આર્ટીકલ-૨૩

195. જાહેર નોકરીની બાબતોમાં તકની સમાનતા અંગેની જોગવાઈ ભારતીય સંવિધાનના કાયદાના કયા આર્ટીકલમાં કરવામાં આવેલ છે.

A. આર્ટીકલ-૧૭ B. આર્ટીકલ-૧૬ C. આર્ટીકલ-૨૨ D. આર્ટીકલ-૧૩

196. ધર્મ,જાતિ,જ્ઞાતિ,લિંગ અથવા જન્મસ્થાનને કારણે કરાતા ભેદભાવ પર પ્રતિબંધ બાબતનો ઉલ્લેખ ભારતીય સંવિધાનના કાયદાના કયા આર્ટીકલમાં કરવામાં આવેલ છે.

A. આર્ટીકલ-૧૫ B. આર્ટીકલ-૧૧ C. આર્ટીકલ-૧૭ D. આર્ટીકલ-૧૪

197. ભારતીય બંધારણની ૩૭૦ મી કલમ કોના દ્વારા તૈયાર કરવામાં આવેલ હતી ?

A. ટી.એન.સત્યનપંથી B. આર.કે.સુબ્રમણ્યમ C. એન.ગોપાલસ્વામી આયંગર D. એસ.ચેન્નારેડ્ડી

198. ભારતની બંધારણીયસભા દ્વારા રાષ્ટ્રગાન “ જન ગણ મન ” ને ક્યારે અધિકૃત રીતે માન્યતા આપવામાં આવી ?

A. ૧૫ ઓગષ્ટ,૧૯૪૮ B. ૨૬ જાન્યુઆરી,૧૯૪૯

C. ૨૭,ડીસેમ્બર,૧૯૪૮ D. ૨૪ જાન્યુઆરી,૧૯૫૦

199. ભારતમાં બંધારણ દિવસ ક્યારે મનાવવામાં આવે છે ?

A. ૧૪ એપ્રિલ B. ૨૬ નવેમ્બર C. ૨ ઓકટોબર D. ૬ ડિસેમ્બર

200. નીચે પૈકી કોણ રાજ્ય પુનઃસ્થાપના પંચના સભ્ય ન હતા ?

A. ફઝલ અલી B. એમ પાણીકર C. એચ.એન.કુંજરુ D. ટી.ટી.કૃષ્ણમચારી